(1) ભારતના પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા વેપાર કેન્દ્ર (ઈન્ટરનેશનલ વીમેન ટ્રેડ સેન્ટર) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કેન્દ્રની સ્થાપના મહારાષ્ટ્રમાં કરવામાં આવશે.

(2) તેની સ્થાપના મહારાષ્ટ્રની ગ્રીન પાર્ક પહેલ હેઠળ કરવામાં આવી રહી છે.

(3) આ કેન્દ્ર દ્વારા મહિલાઓની ઉદ્યમશીલતાને વેગ મળશે.

(4) આ કેન્દ્ર વેપાર ઉપરાંત કલા અને સંસ્કૃતિનું પણ પ્રોત્સાહન કરશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ કેરળમાં ભારતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા વેપાર કેન્દ્ર સ્થાપવામાં આવશે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ કેન્દ્રની સ્થાપના કેરળની ગ્રીન પાર્ક પહેલ હેઠળ કરવામાં આવશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ કેન્દ્ર મહિલાઓની ઉદ્યમશીલતાને વેગ આપશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે ઘરથી દૂર એક સુરક્ષિત સ્થળ હશે જયાં વેપારને શરૂ કરવો, વિસ્તૃત કરવો તથા તેનું વૈશ્વિક સ્તરે માર્કેટીંગ થઈ શકશે.

⇛ આ કેન્દ્ર મહિલાઓને આંતરરાષ્ટ્રીય વેપારમાં ભાગ લેવા માટે પ્રોત્સાહીત કરશે તથા તેમની સ્પર્ધાત્મકતામાં વધારો કરાવશે. જેથી મહિલાઓ વધુ સારા આર્થિક લાભ મેળવી શકશે.

⇛ આ કેન્દ્રમાં કલા અને સંસ્કૃતિના પ્રોત્સાહન માટે પણ અલગથી જગ્યા રાખવામાં આવી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) નીચેનામાંથી કયા-કયા કોર્ટ કેસ અનામતના મુદ્દા સાથે સંબંધ ધરાવે છે ?**

(1) ઈ. વી. ચીન્નાયા વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ

(2) એમ. નાગરાજ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

(3) જર્નેલ સિંઘ કેસ

(4) ઈન્દ્રા સાહની વિ. યુનિયન ઓફ ઈન્ડિયા

(A) માત્ર (1) અને (2)　　(B) માત્ર (2)

(C) માત્ર (1), (3) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પાંચ જજની સુપ્રીમ કોર્ટની બેંચે નિર્ણય આપ્યો છે કે, રાજ્ય SC, ST અને SEBCનું અનામતના મુદ્દામાં પેટા–વર્ગીકરણ કરી શકશે જેથી નબળામાંથી પણ સૌથી વધુ નબળા વ્યકિતને લાભ મળી શકે.

⇛ ઈન્દ્રા સાહની વિ. યુનિયન ઓફ ઈન્ડિયા કેસ (1992) : સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, રાજ્યો માટે એ વાત સંપૂર્ણ રીતે કાયદાકીય છે કે તેઓ પછાત વર્ગને પછાત અને વધુ પછાત તરીકે વર્ગીકૃત કરે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ એમ. નાગરાજ કેસ (2006) : સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, સરકારે કોઈ વર્ગની પછતતા દર્શાવવા માટે ક્વોન્ટીફાયેબલ ડેટા મેળવવા અને જાહેર રોજગાર ક્ષેત્રે એ વર્ગનું અપૂરતું પ્રતિનિધિત્વ છે તેમ દર્શાવવું. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ઈ. વી. ચીન્નાયા વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ કેસ (2005) : આ કેસમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે માત્ર રાષ્ટ્રપતિ જ SC વર્ગમાં કોઈ જ્ઞાતિને ઉમેરી કે બાદ કરી શકે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ જર્નેલ સિંઘ વિ. લછમી નરેન ગુપ્તા (2018) : સુપ્રીમ કોર્ટે પછાતતાને સિદ્ધ કરવા ક્વોન્ટીફાયેબલ ડેટા મેળવવાની જરૂર નથી તેમ જણાવ્યું. આ ડેટા SC/STની બઢતીમાં અનામત માટે જરૂરી હતો. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) નેશનલ કાઉન્સીલ ફોર પ્રમોશન ઓફ ઉર્દુ લેંગ્વેજ (NCPUL) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તે વિશ્વનું સૌથી મોટું ઉર્દુ નટેવર્કીંગનું હબ છે.

(2) તે ઉર્દુના પ્રોત્સાહન માટેની રાષ્ટ્રીય નોડલ સંસ્થા છે.

(3) તે સંસ્કૃતિ મંત્રાલય હેઠળ આવે છે.

(4) અરેબીક અને પર્સીયન ભાષાના પ્રોત્સાહનની જવાબદારી પણ આ સંસ્થાની છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2)
(C) માત્ર (1), (2) અને (4)
(D) માત્ર (2), (3) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ 27-28 ઓગસ્ટના રોજ નેશનલ કાઉન્સીલ ફોર પ્રમોશન ઓફ ઉર્દુ લેંગ્વેજ (NCPUL) દ્વારા વિશ્વ ઉર્દુ પરીષદ 2020નું આયોજન કરવામાં આવ્યું હતું.

⇛ NCPUL વિશ્વની ઉર્દુ નેટવર્કીંગનું સૌથી મોટી હબ બની છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે 1996થી સ્વાયત્ત સંસ્થા તરીકે કાર્ય કરે છે.

⇛ તે શિક્ષા મંત્રાલય હેઠળ આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ઉર્દૂના પ્રોત્સાહન માટેની રાષ્ટ્રીય નોડલ સંસ્થા છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ NCPULને ઉર્દુ ઉપરાંત અરેબીક અને પર્સીયન ભાષાના પ્રોત્સાહનની પણ જવાબદારી આપવામાં આવી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેનો હેતુ વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે થયેલી વિકાસની માહિતીને ઉર્દુ ભાષામાં ઉપલબ્ધ કરાવવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) ડેન્ગ્યુ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) Wolbachia નામના વાયરસ દ્વારા ડેન્ગ્યુને નિયંત્રિત કરી શકાય છે.
(2) ડેન્ગ્યુના કુલ 4 ટાઈપ હોય છે.
(3) ટાઈપ–2 અને ટાઈપ-4 સૌથી વધુ ગંભીર હોય છે.
(4) ડેન્ગ્યુ વિરુદ્ધની રસી હજુ સુધી શોધાય નથી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વર્લ્ડ મોસ્કીટો પ્રોગ્રામના સંશોધકોએ **Wolbachia** નામના બેક્ટેરીયા દ્વારા ચેપગ્રસ્ત મચ્છરો પર સંશોધન કર્યુ હતું. આ દ્વારા ડેન્ગ્યુનું નિયંત્રણ કરી શકાય છે તેમ જાણવા મળ્યું હતું. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ ડેન્ગ્યુ મચ્છરો દ્વારા થતો રોગ છે જેમાં મૂળ ડેન્ગ્યુ વાયરસ હોય છે.

⇛ ડેન્ગ્યુના કુલ **4** ટાઈપ જોવા મળે છે. જે પૈકી ટાઈપ-**2** અને ટાઈપ-**4**ને વધુ ગંભીર ગણવામાં આવે છે. (આથી, વિધાન **(2)** અને **(3)** સાચાં છે.)

⇛ **USFDA** દ્વારા **2019**માં યુ. એસ.માં માન્ય હોય તેવી ડેન્ગ્યુની પ્રથમ રસી **CYD-TDV** અથવા **Dengvaxia** ને મંજૂરી આપવામાં આવી હતી. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

⇛ **Dengvxia 9** થી **16** વર્ષના લોકોને આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(5) ગ્રેટ અંદામાનીઝ પ્રજાતિ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તેનો સમાવેશ PVTG તરીકે થાય છે.

(2) તેઓ જારવા ટાપુ પર રહે છે.

(3) તેઓ પોતાની જેરુ બોલી બોલે છે.

(4) તેમની સંખ્યા 2012 મુજબ માત્ર 51 હતી.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ગ્રેટ અંદામાનીઝ પ્રજાતિના સભ્યને COVID-19 થવાનો અહેવાલ આવતા, તે ચિંતાનો વિષય બન્યો છે.

⇛ આ પ્રજાતિ અંદામાન અને નિકોબારના સ્ટ્રેઈટ (Strait) ટાપુ પર રહે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તેઓ પોતાના સમુદાયમાં પોતાની 'જેરુ' બોલીમાં વાતચીત કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ અંદામાન અદીમ જનજાતિ વિકાસ સમિતિના 2012ના અભ્યાસ મુજબ આ લોકોની સંખ્યા માત્ર 51 જ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ બ્રિટીશરો આવ્યા તે સમયે તેમની સંખ્યા 5000 જેટલી હતી. પરંતુ તેમની સાથેની લડાઈથી તથા નવા રોગોના કારણે તેમની સંખ્યામાં ઘટાડો થયો છે.

⇛ તેમનો સમાવેશ PVTG (Particularly Vulnerable Tribal Group)માં થાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT